# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૩૨ ● સળંગ અંક : ૧૩૭ ● તા.૨૩ જાન્યુઆરી થી ૨૯ જાન્યુઆરી ૨૦૨૧



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## પિંજરા મુક્ત પંખીઓ માટે ભેખ લેનારા પક્ષીઓના તારણહાર



## બાંયઠ નિવાસી ધર્મેન્દ્ર પોલડીયા


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494

## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# આપણી કૂપમંડૂક અવસ્થા

પ્રકૃતિનું સર્જન પ્રભુએ કર્યું છે. વિવિધ તરેહના જીવ જંતુઓ, પ્રાણી, પશુઓમાં જીવ રોપી નદી-પહાડો, વૃક્ષ-વનરાઈ જંગલોમાં છૂટા છોડી દીધા છે. તે સાથે કર્મનું બંધન જોડી દીધું છે. સારૂં કરો અને સારૂં પામો. આમાંથી માત્ર માનવજીવને બુધ્ધિને વિચાર શક્તિનું વરદાન આપ્યું છે. જેથી ડગલેને પગલે જાણી સમજીને પોતાના કર્મ બાંધી શકે.

પ્રભુએ આપણને મબલખ આપ્યું છે પણ એમાં પણ આપણને સંતોષ નથી. હજી ઓછું છે, અધરું છે, કંઈક ખૂટે છે ની તરસથી ફાંફાં મારીએ છીએ. કુદરતે જે સોહામણી સૃષ્ટિ આપી છે તે છોડીને કૃત્રિમ રીતે જીવીએ છીએ. પ્રકૃત્તિએ આપેલા સોહામણા સર્જનોને ઉપહાસ કરી તેનો દાટવાળીએ છીએ. પછીએ વન્ય સૃષ્ટિ હોય, સૂર્ય પ્રકાશ હોય, વાતાવરણની શુધ્ધતા હોય કે વરસાદનું પાણી હોય. આ દરેકને સાચવી એનું સંવર્ધન કર્યા વગર વેડફાટ કરીએ છીએ. એના માળખાનું, એના તત્વોનું સમૂળગું નાશ થાય એવા પ્રયત્નો કરીએ છીએ. દંભ, માન, અભિમાન સાથે પૂર્વગ્રહના કોચલામાં આપણે સૌ એકલાં જીવી રહ્યાં છીએ.

દરેકને પોતાનું અહંમ સંતોષવું છે. પોતાની જાતને બીજાથી અદકેરા માનીને દરેકને તુચ્છકારીએ છીએ. કોઈ આપણાથી આગળ નીકળી જાય એટલે ઈર્ષાથી બળી જઈએ છીએ. કોઈ આપણા વિચારને વાતને ગણકારે નહીં તો આપણે તેના વેરીની જેમ વર્તીએ છીએ. માન-સન્માન કે ગમતીલું પદ ન મળે તો આપણું મોઢું વંકાઈ જાય છે. હું કાંઈક છું તેવો ખ્યાલ જ ખરેખર દુ:ખનું કારણ છે. આપણને માન સન્માન મળે એ ખરેખર તો ધન, પદ અને સતા કે સંબંધને કારણે મળે છે પણ આપણે ફૂલીને મળતું સન્માન આપણું છે અને એ શાશ્વત રહેશે એવા ગુમાનમાં જીવીએ છીએ. માન, સન્માનના કારણો ન રહે ત્યારે જે સામેવાળાના મનમાં હોય એ હકીકતમાં આપણો એ કમાયેલો સંબંધ છે બાકી બધા દેખાડા, દંભ છે. મોટા ભાગના સંબંધો સ્વાર્થના હોય છે. સ્વાર્થ હોય ત્યારે દૂરના સગા પણ નજીક આવી ઈર્દ ગિર્દ ઘૂમતા રહે છે. જેવો સ્વાર્થ પૂરો થયો કે પડતીના દિવસો આવ્યા કે નજીક આવેલા દૂર ભાગવા દોટ મૂકે છે.

ઈશ્વરએ અકળ લીલા ભર્યા સંસાર વચ્ચે આપણને મૂક્યો છે. આપણે તો ઈશ્વરે રચેલી મહાવિશાળકાય સૃષ્ટિના અંશ માત્ર છીએ. તેને જાણવું સમજવું આપણા માટે અતિ મુશ્કેલ છે. અકળ ગૂઢ છે. આપણો અહં, અહંકાર સૃષ્ટિની સારી ને સાચી પરિસ્થિતિથી અજાણ રાખે છે અને અજ્ઞાનના ચકરાવામાં ચડાવી દે છે. મારા જેવું કોઈ નથી એવો ખ્યાલ આપણે સતત પોષતા રહીએ છીએ આ ઊંડા કૂવામાં વસતા દેડકા જેવી હાલત છે. જ્યારે કૂપમંડૂક પરિસ્થિતિમાંથી બહાર પડીએ છીએ ત્યારે જ સાચો ખ્યાલ આવે છે કે ધસમતા પાણીના પ્રવાહમાં આપણી હાલત તો તૃણના નાના તણખલા જેવી છે. જેનું કંઈ વજન નથી ને વજૂદ પણ નથી. જીવનનું સાચું અસ્તિવ પ્રેમ, મૈત્રી, સત્ય, સંપ, સંવાદિતતા, ભલમનસાઈ અને પરિશ્રમના મિશ્રણ જેવી છે. આ હકીકત જેટલી જલદી સમજાય એટલી સભાનતા આપણે રાખીએ.

– જય જ્ઞાતિમૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# માયાજાળની માયા

માયાના અનેક અર્થ છે. ૧) જેનાથી બ્રહ્માંડ રચાયું છે તે આદિશક્તિ ૨) છળ, પ્રપંચ, ઈંદ્રજાળ ૩) મમતા-સ્નેહ-લગાવ ૪)લક્ષ્મી-ધન-દોલત.

આપણે અહીં છળ-પ્રપંચ, કપટના અર્થ સમજીને વાત આગળ વધારશું. ઠેકઠેકાણે મન-વચન-કાયા-દંડ કે મન વચન-કાયા યોગ વિગેરે શબ્દ સમૂહ સાંભળ્યા કે બોલ્યા હોઈશું. જીવન વિકાસનો મુખ્ય આધાર આ ત્રણની સામ્યતા છે. હાથીના દેખાડવાના અને ચાવવાના દાંત અલગ હોય છે. આ શારિરીક બંધારણની માયા છે જે જોનાર સૌને છેતરે છે. આચાર-વિચારને ઉચ્ચારમાં જો આશયની સમાનતા ન હોય તો તે આત્મ હિંસા ગણાય. સ્વહિંસાને લીધે નુકસાન થાય તેનું નામ માયા.

માયા કરનાર તો એવું જ સમજ છે કે તે બીજાને છેતરી રહ્યો છે અથવા સારો અભિનય કરીને જેવા સાથે તેવો બની રહ્યા છે. પણ તેનું પરિણામ વિપરીત આવે છે ને નિશ્ચિતપણે સ્વ છેતરામણીમાં આવે છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

શાસ્ત્રકથાનુસાર રાવણને દસ માથા હતા. જ્યારે આજના માનવને એક ચહેરો છે તો પણ તેની પાછળ અનેક મોહરા કામ કરે છે. આ એક માયાવી જાળનું કામ કરે છે. માયા એક બોજ છે. માયાવી શક્તિ ક્ષણિક લાભ કરાવી જાળમાં સપડાવે છે પછી પોતાનું અસલી પોત પ્રકાશી ભરડામાં લપેટેલ જીવનો સત્યનાશ કરે છે પતન કરે છે. માયામાં લપેટાયેલ જૂઠ બોલે છે ને જૂઠનું આચરણ કરે છે. ઈસકી ટોપી ઉસકે સર કરવામાં પાવરધા હોય છે. એક સાથે અનેકને ઉલ્લુ બનાવવામાં તેમને મહારથ હોય છે.

માયાએ માત્ર બે અક્ષરનો શબ્દ છે. સરળ અને સીધો ભાસતો આ શબ્દમાં ઘણો ઊંડાણ છે. માયાને બીજા અર્થમાં કપટ કહેવાય છે. મનુષ્યના મન-મસ્તિકમાં માયા રૂપી રાક્ષસી પ્રવેશ કરે છે. તેનામાં સત્યવૃત્તિ નાશ પામે છે. માયાને લીધે સ્વાર્થ વૃત્તિ ઉભરાય છે. કપટ અને અસત્ય આચરણમાં લપેટાય છે.

માયા કરનારના જ્ઞાન ચક્ષુ પર પડળ આવી જાય છે. કપટ કરવાથી તેના મનપર આવરણ આવે છે. મનની વક્રગતિ થાય છે અને તેથી આત્મા પોતાની શક્તિઓ બરાબર પ્રકટ કરી શકતો નથી. માયામાં રંગેલો માનવી બીજાને છેતરવા જાય છે પણ પોતે છેતરાય છે. તેનું કપટી આચરણનું પાપ ઉઘાડા પડ્યા વિના રહેતું નથી. માટે માયાના મોહમાં સપડાવાય નહીં તેનાથી સાવધ રહેવું જોઈએ.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# મિશન પંખ દ્વારા પિંજરા મુક્ત સમાજ માટે ભેખ લેનારા પક્ષીઓના તારણહાર ધર્મેન્દ્ર હિંમતલાલ પોલડીયા (પટેલ)








**उड़ना है हमें भी**
**पंख फैलाने को हम भी बेकरार है**
**आसमान तो खुला ही है**
**बस पिंजरा खुलने का इंतज़ार है।**

ઘરમાં લવબર્ડસ, પોપટ, કાકા કૌવા ઉપરાંત પાલતુ પ્રાણીઓ બિલાડી, સસલા, કાચબો કે કૂતરા પાળી ઘરના સભ્યો તેઓની સાથે ગમ્મત અને રમત કરી ચિંતા તણાવ ઓછો કરે છે. પાલતુ પ્રાણીઓ ઘરમાં મુક્ત રીતે ઘૂમતાં રહે છે પણ પક્ષીઓને પિંજરામાં કેદ કરી રખાય છે. ધર્મેન્દ્રભાઈ કહે છે કે પક્ષીઓને પાંજરામાં પૂરવું એટલે તેની કતલ કરવાથી વધુ જુલ્મ ગુજારવા જેવું છે.

મધ્યપ્રદેશ રાજ્યના ભોપાલમાં રહેતાં મૂળ બાયઠના ધર્મેન્દ્ર હિંમતલાલ પોલડીયા (પટેલ) મિશન પંખ દ્વારા સમાજમાંથી પિંજરા સમૂળગા નાબૂદ થાય એ માટે સતત પ્રયત્નશીલ છે. પિંજરામાં પૂરાયેલ પક્ષીઓની અવ્યક્ત વેદનાને જાણી સમજીને આ પ્રોજેક્ટ કે ઝુંબેશ તેઓએ શરૂ કરી છે. તેઓ માને છે કે પિંજરાની પ્રથા જ પક્ષીઓ પર અત્યાચાર કરવા જેવી છે. ભારતમાં કાકા કૌવા, પોપટ ઉપરાંત લવબર્ડસ અને પિંજરામાં રખાય છે. આ પક્ષીઓ મૂળ વિદેશી છે. પિંજરામાંથી જો એ પક્ષીઓને મુક્ત કરીએ તો એ ખુલ્લા વાતાવરણમાં જીવી શકતા નથી. જ્યારે પોપટ બહાર પોતાને અનુકુળ ઝૂંડ, જમાતમાં ભળી જીવી શકે છે.

ભોપાલને પિંજરા મુક્ત કરવામાં સફળ થયેલ ધર્મેન્દ્ર પોલડીયાનું શરૂઆતમાં શિક્ષણ ભોપાલની આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળામાં થયું અને ભોપાલ સ્કૂલ ઓફ સોશ્યલ સાયન્સમાંથી ગ્રેજ્યુએશન ડિગ્રી મેળવી તેઓ આ ઝુંબેશ છેલ્લાં ૨૨ વર્ષથી ચલાવે છે અને ૨૦,૦૦૦ થી વધુ પક્ષી ઓ ને મુક્ત કર્યા છે આ માટેની પ્રેરણા તેમની માતા દ્વારા મળી હતી. જેઓ એ તે સમયે પિંજરા મુક્ત પોપટને નામે શરૂઆત કરી હતી.

ધર્મેન્દ્રભાઈ મિશન પંખની નામે આ ચળવળ ચલાવે છે. તેમના આઝાદ પક્ષી આંદોલનમાં પત્ની જયશ્રીબેન અને પુત્ર જય તથા ભાઈ-ભાભી દિપક-નીતલ અને પુત્ર રાજ અને લક્ષ્ય પણ આ ચળવળમાં જોડાયા છે. પરિવારમાં પોપટ પાળવાનું મુખ્ય કારણ નાના બાળકો હોય છે. નાના બાળકોની ઈચ્છા સ્વીકારી વડીલો પિંજરામાં કેદ પોપટ કે લવબર્ડસને રાખે છે. એટલે આ સમસ્યાનું મૂળ બાળકો છે તેમને શિક્ષણ આપવા સમજાવવા માટે તેઓ પ્રાથમિકતા આપે છે. જેમાં તેમાં આ ત્રણએ પુત્રો સિપાહી બનીને અગ્ર ભાગ ભજવશે.



# મિશન પંખ દ્વારા પિંજરા મુક્ત સમાજ માટે ભેખ લેનારા પક્ષીઓના તારણહાર ધર્મેન્દ્ર હિંમતલાલ પોલડીયા (પટેલ)






તમે સરસ કામ કરો છો: મધ્ય પ્રદેશનાં ગવર્નર આનંદીબહેન પટેલે 'મિશન પંખ'ની કામગીરીને બિરદાવી.




આ માટે છત્રીસ જેટલા વર્લ્ડ રેકોર્ડ તેઓ પ્રાપ્ત કરી ચૂક્યાં છે. જેવા કે લિમ્કા વર્લ્ડ રેકોર્ડ, એશિયા બુક ઓફ રેકોર્ડ, બ્રિટીશ વર્લ્ડ રેકોર્ડ, ઇંડિયા બુક ઓએમજી બુક ઓફ રેકોર્ડ અને રાજ્યપાલ આનંદીબેન તરફથી પણ તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. તદ્ઉપરાંત સ્વદેશ ન્યુઝ, IBC News, News State, NDTV Prime Time તથા Radio Mirchi પર તેમની વિશેષ મુલાકાત મારફતે તેમના દ્વારા ચલાવામાં આવતી ઝુંબેશને લોકો સમક્ષ પ્રસ્તુત કરવામાં આવી. તદ્ઉપરાત ડિસેમ્બર ૨૦૨૦ મહિનામાં મધ્યપ્રદેશની ગર્વેમેન્ટે એ પ્રેસ ફોન્ફરન્સ બોલાવી ધર્મેન્દ્રભાઈના આ કામને બીરદાવીને આશ્વાસન આપ્યું કે ૫ ધોરણ સુધીની જનરલ નોલેજની બુકમાં એક અભ્યાસક્રમ તરીકે આ મિશનને ઉમેરવામાં આવશે. આ ઉપરાંત કાળો કાંઠલો ગરદન પર ધરાવતા એલેક્ઝાન્ડર પ્રજાતિના પોપટ હવે લુપ્ત થવાને આરે છે. તેમના બચાવવા માટે પણ કામ કરે છે. આ માટે દેશ ભરમાંથી ૧૫ હજાર વોલિયન્ટર જોડાઈ ચૂક્યા છે. આ મોહીમ આગળ વધારવા માટે આગામી સમયમાં પુના અને હૈદ્રાબાદમાં ઝુંબેશ શરૂ કરાશે. એલેક્ઝાન્ડર પોપટ ચંદ દિવસોમાં બોલવાનું શીખી જાય છે. એટલે એ જાતિના પોપટની ડિમાન્ડ વધુ રહે છે. પણ એ નસલનો પોપટ પિંજરામાં કેદ બની જીવન ગુજરે તો તેની નસલ આગળ વધી ન શકે બેજુબાન પક્ષીઓનો દર્દએ પાળનાર પરિવાર ક્યારે મહસુસ નથી કરી શકતો. એટલે ચાલીસ વર્ષ સુધી જીવનાર પોપટ કે અન્ય પક્ષીનું જીવન જલદી સમાપ્ત થઈ જાય છે.

**कोई पिंजरे मे जीने के लिए नहीं आया है। वक्त रहते आजाद कर दो इन पंक्षियों को।**

ધર્મેન્દ્રભાઈ મધ્યપ્રદેશની પ્રખ્યાત જુમ્મીરાતી પક્ષી વિક્રી બજાર ભોપાલને પિંજરા મુક્ત કરવાની શરૂઆત કરી હતી જે માટે તેમને અસંખ્ય મુસીબતોનો સામનો કરવો પડ્યો હતો. એટલે સુધી કે તેમને જાનથી મારી નાખવાની ધમકીઓ સતત મળતી રહી હતી અસંખ્ય અડચણો ઊભી કરવામાં આવી હતી એ સમયે તેમના પરિવારને ચિંતા થઈ હતી પણ તે છતાં




હિંમત રાખી આ ઝુંબેશ આગળ ચલાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા જે તેમની હિંમત વધારી હતી. બાળકોને પિંજરામાં કેદ પક્ષીઓની વેદના સરળતાથી જાણી શકે એ માટે કોમિક બુક પબ્લિકેશન શરૂ કર્યું. આમાંની કેટલી બુકો જેવી કે ''બાપા તુમ કબ આઓગે, પંખ, મેજીશિયન'' અમેઝોનની બેસ્ટ સેલર પુસ્તક તરીકે સામેલ થઈ છે.

# મિશન પંખ દ્વારા પિંજરા મુક્ત સમાજ માટે ભેખ લેનારા પક્ષીઓના તારણહાર ધર્મેન્દ્ર હિંમતલાલ પોલડીયા (પટેલ)



करोना काल की जरा सी कैद में घुटन महसूस होने लगी... सुना है तुम तो पंछी पालने के शौकीन हो।

પોપટ પિંજરામાં ક્યારે પોતાની પાંખ ફેલાવી શકતો નથી. એટલે વરસો જતાં એ ઉડવાની કલા પણ વિસરી જાય છે. બીજું પોપટ પોતાની જાત ભાઈઓને સહવાસ સંગાથને તેનો સાંનિધ્ય મળતો નથી એટલે એ સુખથી વંચિત રહી પીડાયા છે. પોતાના સમાજના ભાઈઓથી અળગો રહે છે. તે પોતાની ઈચ્છાનું ભોજન કરી શકતું નથી પિંજરાનો માલિક જે પ્રકારનું ભોજન પીરસે એ એને ખાવું પડે છે કુટુંબના બાળકો ચોકલેટ બિસ્કીટ વિગેરે ખાવનું ઘરે એ ખાવું પડે જે તેનો ખોરાક પણ નથી. બાળકોનો ઉદેશ પોતાના પાલતુ ફ્રેન્ડ પ્રત્યે વહાલ દર્શાવવાનું હોય પણ પોપટને આ ખોરાકને લીધે આડઅસર થાય છે. ચોકલેટને લીધે પોપટને હાર્ટ અટેક આવે છે. નમક ધરાવતી વસ્તુ આરોગવાને લીધે તેના વાળ ખરવા લાગે છે. તળેલી વસ્તુઓ ખાવાને લીધે બ્રેઈન સ્ટ્રોક આવી જાય છે. આ વસ્તુઓ પાળનાર પરિવારના બાળકોને સરળતાથી સમજાવાથી પિંજરામાં પૂરાયેલ પક્ષીની વેદના જાણી શકે.

હવે આજ પછી તમને કોઈ પિંજરૂ દેખાય જેમાં કેદ થયેલ પંખી આસમાનમાં મુક્ત રીતે ઉડવાની આશ રાખી જીવતો હોય તેની આઝાદી માટે પ્રયત્ન કરજો અને આમ તમે પણ મિશન પંખની ઝુંબેશમાં સામેલ થજો.

આ વેદના અબોલ પાલતુ પક્ષીઓની પોપટની શબ્દો દ્વારા વ્યક્ત કરી ધર્મેન્દ્રભાઈ અને તેમનો પરિવાર મધ્યપ્રદેશમાં ચલાવે છે. निकाल लाया हु एक पिंजरे से एक परिंदा... अब इस परिंदे के दिल से पिंजरा निकालना है। આનો પડઘો સમગ્ર દેશમાં આપણે પાડવો જરૂરી છે.






# ડોંબિવલી સંઘમાં સુવિધિનાથ દરબારે ગુરૂ સ્મૃતિ પંચામૃત જિનભક્તિ ઉત્સવ રંગેચંગે ઉજવાયો





શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીમાં તા.૨૨ જાન્યુઆરી શુક્રવાર પોષ સુદ દસમ દિને વર્ધમાન તપ પ્રભાવિકા પ્રર્વતિની પ.પૂ.સાધ્વીશ્રી અરૂણોદયશ્રીજી મ.સા.ની પ્રથમ સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે સુવિધિનાથ દરબારે ગુરૂસ્મૃતિ પંચામૃત જિનભક્તિ ઉત્સવમાં સામુહિક વિશ સ્થાનક વંદના અનુષ્ઠાન સુંદર રીતે સંપન્ન થયા. સંગીત સુરતાલ નૈતિકભાઈએ પૂરાવ્યા હતા.

પાવન નિશ્રા પૂજ્યશ્રીના આજીવન ચરણો પાસિકા પ.પૂ.સા.શ્રીહિરણ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી સંવેગગુણાશ્રીજી મ.સા. આદિ. પંચાન્હિકા મહોત્સવના સંપૂર્ણ લાભાર્થી અ.સૌ.દીપાબેન પ્રદીપભાઈ શાહ હસ્તે ઝીશા-ખુશ્બૂ મેઘકુમાર નાના ભાડીયા પરિવાર હતા.

# તિરૂપુર સંઘમા ગુરુ સપ્તમી મહામહોત્સવ પ્રસંગે ઉમંગભેર વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈ



તા.૨૦ જાન્યુઆરી બુધવાર પોષ સુદી સાતમના દિને પ્રાતઃ સ્મરણીય, કલિકાલ કલ્પતરૂ, વિશ્વપૂજ્ય પરમ ઉપકારી દાદા ગુરૂદેવ પ.પૂ.શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના ૧૯૪મો જન્મદિવસ તથા ૧૧૪મા સ્વર્ગારોહ દિવસ પર ભવ્યતાથી ગુરૂ સપ્તમી મહામહોત્સવ નિમિત્તે મંગલમય ધર્મ આરાધનાઓ કરાઈ. જેમાં સવારે ૭.૩૦ કલાકે ભક્તામર, ગુરૂચાલીસા, ગુરૂ ગુણ ઈકિસા, ગુરુ મંદિરે સવારે ૮.૩૦ કલાકે શ્રી સુવિધિનાથ જૈન મંદિરથી ભવ્ય શોભાયાત્રા તથા સવારે ૯ કલાકે ગુરૂદેવની મહાપૂજા સંપન્ન કરાઈ. આ સમગ્ર કાર્યક્રમની સુંદર રીતે વ્યવસ્થા શ્રી રાજેન્દ્રસૂરિ જ્ઞાન મંદિરની કારોબારી સમિતિએ સંભાળી તથા પૂજન વિધિ શ્રી રાજેન્દ્રસૂરિ મહિલા મંડળ તિરૂપુર દ્વારા થઈ. તે રાત્રે ૮.૦૦ કલાકે ભક્તિભાવના એવમ મહાઆરતી ગુરૂભક્તો દ્વારા ઉત્સાહપૂર્વક શ્રી રાજેન્દ્રસૂરી જ્ઞાન મંદિર તિરૂપુર મધે સંઘના ૧૦૦થી ૧૫૦ શ્રાવક શ્રાવિકાઓની ભવ્ય ઉપસ્થિતિમાં ઉત્સાહપૂર્વક થઈ તથા પ્રભાવના અને પ્રસાદીનો લાભ લીધેલ જે સૌને હૈયે યાદગાર સ્મૃતિ રૂપે કંડારાઈ હતી.

# ડોબિંવલી સંઘમાં નમસ્કાર મહામંત્રના સંગીત મય જાપ દ્વારા ધર્મ આરાધના થઈ







તા. ૨૩ જાન્યુ શનિવાર દિને નવકાર મહામંત્રના અનન્ય સાધક વર્ધમાન તપોનિધિ પૂજ્ય પ્રવર્તીની સાધ્વીજી અરૂણાદેવજીશ્રીજી મ.સા.ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ડોબિંવલી મંડળશ્રી સુવિધિનાથ પરમાત્માની પાવન છાયામાં અધ્યાતયોગી પ.પૂ. મુનિપ્રવરશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી દિરણ્યગુણાશ્રીજી મ.સા. આદિની પાવન મંગલકારી નિશ્રામાં યુવા વિધિકાર ડૉ.હર્ષ દેઢિયાના સંગીતમય સથવારે સવારે ૯ કલાકે નમસ્કાર મહામંત્રના સંગીતમય જાપ દ્વારા ધર્મ આરાધના થઈ.



સંઘના શ્રાવક શ્રાવિકાઓ શ્વેત વસ્ત્રધારણ કરી જોડાયા હતા. પ્રવર્તીની ગુરૂમૈયાશ્રીના મહાન જીવનની સ્મૃતિ સંવેદના જગાવી. રાત્રે ૮.૩૦ કલાકે શ્રી સુવિધિનાથ જિનાલયે યુવાનો દ્વારા ભક્તિ ભાવના સહ મહાઆરતી થઈ.






| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

॥ શ્રી વિમલનાથાય નમઃ ॥

KDO

# સહર્ષ આમંત્રણ... સહર્ષ આમંત્રણ... સહર્ષ આમંત્રણ...

સુજ્ઞ શ્રી શ્રાવક/શ્રાવિકા,

અત્યંત હર્ષ, આનંદ અને ઉલ્લાસપૂર્વક જણાવતા હૃદય પુલકિત થઇ જાય છે કે ફરી પાછી એ ઉત્કૃષ્ઠ ઘડી આવી ગઇ જ્યાં આપણે **શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલયના નવ ભગવાન** તથા **ગૌતમ સ્વામી અને મહાકાલી માતાજી**ની ધન્યવંતી દ્વિતીય ધજા નો રંગે ચંગે સંગીતને સથવારે વાજતે ગાજતે, ઝૂમતે-લહેરાતે સંપૂર્ણ વિધિ-વિધાન સાથે ઉજવણી કરીશું.

## અઢાર અભિષેક – ધન્યવંતી દ્વિતીય ધજા

તા. ૩૦-૧-૨૦૨૧ પોષ વદી ૩ ને શનિવારે શુભ દિને સવારના અઢાર અભિષેક તથા ધન્યવંતી દ્વિતીય ધજા ચડાવાની બોલી લીધેલ ભાગ્યશાળીઓને પરિવાર સહિત લાભ આપવામાં આવશે.

આપ શ્રી આપના કે આપના પરિવારજનો કે સ્નેહીજનોના જન્મદિવસ, લગ્નતિથિ કે અન્ય પ્રસંગો જે ઉત્સાહ અને ઉમંગથી ઉજવો છો, એ જ ઉમંગભેર અને ઉત્સાહ નવગ્રહ ધ્યાનાલય ની દ્વિતીય વર્ષગાંઠ ઉજવવા પધારો.

આપણા નવ-નવ તિર્થંકર ભગવાનની જ્યાં પાવન પ્રતિષ્ઠા થયેલ છે, અને રોજ-બરોજ ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના થતી હોય, એવા પવિત્ર ધ્યાનાલયની ધજા માણવી એ એક અનન્ય લાભ છે. અને આપ સૌ સહભાગી થઇ એ દિવ્ય ક્ષણના સાક્ષી બનશો, જે ફક્ત ભાગ્યની જ કૃપા હોઇ શકે.

આ સાથે ત્રણ ધજા, ત્રીજા વરસ માટે અને વાર્ષિક અષ્ટ પ્રકારીના ચડાવા પણ એ જ દિવસે બોલાશે, તો લાભ લેવા વિનંતી. (ત્રણ ધજા અને અષ્ટ પ્રકારીના લાભાર્થી પરિવારના નામ વાર્ષિક બોર્ડ ઉપર રહેશે.)

## તા. ૩૦-૧-૨૦૨૧ શનિવાર

નવકારશીના દાતા : **શ્રી અશોક વેરશી મોતા પરીવાર**

સ્વામિવાત્સલ્યના દાતા : **શ્રીમતી દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા પરીવાર**

**નોંધ : સંપૂર્ણ ધ્વજા મહોત્સવનો કાર્યક્રમ વર્તમાન કોવિડ–૧૯ ની મહારાષ્ટ્ર સરકારના નિયમ પ્રમાણે આધિન રહેશે.**

### વધુ જાણકારી માટે સંપર્ક

પારસભાઇ (પ્રમુખશ્રી) – 98210 50362

તિલેશભાઇ (ખજાનચી) – 98203 29441 • રાજીવભાઇ (માનદ્‌મંત્રી) – 98200 43524

કલ્પનાબેન (કન્વીનર) – 98691 21601 • પીયુષ ડાઘા (કન્વીનર) – 94239 74039

ANANT AROGYA NIDHI

લિ. **અનંત આરોગ્ય નિધી – દેવલાલી**

સંચાલિત **શ્રીમતી માલતીબેન જયંતીલાલ ભવાનજી સૅનેટોરીયમ**

# ઐરોલી કસ્તુરી પદમ બેંકવેન્ટ મધે મ.સા.ના ૫૫ મા દીક્ષા તિથિ મહોત્સવની ઉજવણી કરાઈ









ઐરોલી નવી મુંબઈના કસ્તુરી પદમ બેંકવેટમાં શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તથા શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના સંયુક્ત આયોજનથી તા.૧૫ જાન્યુઆરીથી તા.૩૧ જાન્યુઆરી સુધી જ્ઞાન સત્ર તથા આત્મકલ્યાણ આરાધનાનો કાર્યક્રમ પ.પૂ.અચલગચ્છનાયક શ્રી કલાપ્રભસાગરજી મ.સા. તથા અન્ય સાધુ તથા સાધ્વીશ્રીજી ભગવંતોની મંગલ પ્રભાવી નિશ્રામાં શરૂ છે અને ભવ્યતાથી આગળ વધી રહ્યો છે. તા.૧૭ જાન્યુઆરી રવિવાર દિને પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી હર્ષગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી જયગુણાશ્રીજી મ.સા.ના ૫૫મા દીક્ષા તિથિ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરાઈ.

# પ.પૂ.સાધ્વીશ્રી મહોદયાશ્રીજી મ.સા.ના ૮૧મા જન્મવર્ષ પ્રવેશ નિમિત્તે નવ નવકાર જાપના ગુલદસ્તાની ભેટ અપાઈ





સ્વાધ્યાય પ્રેમી પ.પૂ.નરેન્દ્રશ્રીજી મ.સા.ના સુશિષ્યા ૫૪ રવિવારીય શ્રી ગુણોદય નવકાર જાપ અભિયાનના સફળ સુકાની પરમ ઉપકારી ગુરૂમૈયા પ.પૂ.મહોદયાશ્રીજી મ.સા.ના આયુના ૮૧મા જીવન જ્યોત ઉજાગર દિન તા.૧૭ જાન્યુઆરી રવિવારના રાત્રે ૯ કલાકે નવ નવકાર સાથે અધિક નવ નવકાર મળી કુલ્લ ૧૮ નવકાર મંત્ર ગણવાનું આહવાન ગુરૂભક્તોને અપાયેલ.

સામુહિક નવકાર જાપના શુભ અનુષ્ઠાનથી પૂજ્યશ્રીને નિરામય સ્વાસ્થય અને દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ થાય એવી શુભકામના અનુમોદના કરાઈ હતી. જીવન સફરના ૯મા દાયકાના મંગલમય પ્રવેશ દિન સૌએ ૯ નવકાર જાપથી પ.પૂ.ગુરૂમૈયાને વધાવ્યા, ગુરૂમાઁ ના ઓવારણાં લીધા. સાથો સાથ મંગલકામના વ્યક્ત કરી કે હર એક ક્ષણ આપના માટે સોનેરી બને. હર એક મિનિટ માંગલ્યકારી બને, હર એક કલાક કલ્યાણકારી બને, હર એક દિન દીપોત્સવ બને, હર એક મહિનો મંગલ મહોત્સવ બને અને આખુંય વર્ષ આત્મ વિકાસોત્સવ બને એજ પ્રભુને પ્રાર્થના કરી હતી.

દરેકના હૈયે એ જ ભાવના હતી કે શરૂ થશે જીવન સફરનો નવમો દાયકો, ભાવથી જાપ કરશું નવ નવકારનો.

## તપચક્રવર્તી જિનશાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રીમદ ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ને અર્ધ વાર્ષિક તિથિએ સ્મરણાંજલિ... ઉપકારાંજલિ...

*(રાગ : સમતાથી દર્દ સહુ...)*
*ગુરુ ગુણોદયસૂરીરાજ, મન આવે તમારી યાદ.*
*મારો સુણજો અંતર સાદ, દર્શન દેજો એકવાર.*
*- શ્રાવણ સુદી છઠ ગોઝારી, આપે ઓચિંતી લીધી વિદાઈ.*
*રવિવારની પળએ અકારી, સૌના દિલમાં ગમગીની છાઈ.*
*સૌના પ્યારા ઓ ગુરુરાજ, તુમ વિરહમાં હૃદય ચિરાય...*
*- ક્ષણ વીતી, દિવસો વિત્યા, પખવાડિયા વિતતા ગયા,*
*મહિનાઓ વિતી ગયા, અમે આપને શોધતાં રહ્યા.*
*સદા સતાવે છે અણસાર, ઓ જિન શાસન શણગાર...*
*- ઉજમાળ કર્યું નિજ જીવન, આશીષોનું અર્પ્યું ઉપવન.*
*ગુણ દૃષ્ટિથી જીવન ગુલશન, સૌ માટે આપ છો મધુબન,*
*દિવ્ય કૃપાની રસધાર, વરસાવોને કરૂણા અપાર...*
*- અર્ધવાર્ષિક આવી તિથિ, આપ દેવલોકના છો અતિથિ*
*ત્યાંથી મોકલાવો ને ચીઠ્ઠી, એટલી વિનંતી અમે કીધી.*
*અચલગચ્છના શિરતાજ, અમર રહેશો ગુરુરાજ...*
*- વંદનાંજલિ ભાવે સ્વીકારો, એકવાર તો ઝલક દેખાડો,*
*મહોદયના ભાગ્ય જગાડો, નેહ નજરથી અમને નિહાળો,*
*'યશોદય'ને દિલ દરબાર, ગુરુ સ્મરણ સદા સુખકાર...*
*- શાંતિધારા પરિવાર, પાલીતાણા*



પ.પૂ.આ.ભ.શ્રી
ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.

# શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમની નવી ત્રણ વર્ષની ટર્મ માટે કમિટીના પદાધિકારી વરાયા

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન પશ્ચિમ એકમની જનરલ મિટીંગ તા.૨૦ ડિસેમ્બર રવિવારના યોજાઈ. જેમાં નવી વર્ષ ટર્મ ૨૦૨૦થી વર્ષ ૨૦૨૩ સુધીના ત્રણ વર્ષ માટેના નવા પદાધિકારીઓની વરણી કરાઈ. જેમાં પ્રમુખશ્રી તરીકે તિલકચંદ જે. ખોના-મોટી ખાવડી-જામનગર, મંત્રી પદે મુકેશ માણેકજી લોડાયા-વડોદરા, ઉપપ્રમુખો તરીકે કમલેશભાઈ માણેકજી દંડ-અંકલેશ્વર, ચંદ્રેશ દિનેશ નાગડા-વડોદરા, હિરેન મહેન્દ્રભાઈ મોતા-અમદાવાદ તથા તેજકુમાર એસ.જૈન-રાજકોટ અને ખજાનચી પદે ભાવેશ નવીનચંદ્ર ખોના-હાલોલની એકમતે વરણી કરાઈ હતી.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 93222 57731**
**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# Samast Mahajan, Sanjivani Initiative

## Case No. : 36 Closed




Patient **Mr Tilakchandbhai Velji Lodaya**, age **65 years** is from **Kutch Tera**. He stays with his wife in Tera and is working as a Pujari in Tera Derasar. His son works in Mumbai and has 3 daughters who are married. He neither had Insurance nor savings.

He is a known case of **Diabetes Mellitus and has anaemia**. Currently was suffering from infection in Right Knee Joint and had to undergo surgery (Debridement of Knee joint with antibiotic impregnated cement beads.)

He got admitted in Kutch Orthopaedic Hospital (Bhuj) on 18th January, got operated on 20th January and was discharged on 21st January. His complete hospital bill is paid by Shree Samast KDO Jain Mahajan, through Sanjivani Scheme.

Case was uploaded on **19th January** and was closed for donations on **22nd January 2021**.

A Big Thank You to all our donors for their kindness and generosity.

**Medical Committee**

**Shree Samast KDO Jain Mahajan**

# ટિટવાલામાં બિરાજમાન તીર્થંકર શ્રી સિમંધર સ્વામી ભગવાનના દર્શન



ટિટવાલા તીર્થ ક્ષેત્રમાં બિરાજમાન હાજરાહજૂર તીર્થંકર શ્રી સિમંધરસ્વામીના તા.૧૯ જાન્યુઆરી મંગળવારના દિને મનોહર સુભગ દર્શન પ્રસંગે હેત, ભાવ પ્રેમનો લાલ રંગ છલકતો હતો.



# આદિપુર અંતરજાળ સંઘમાં વિમલનાથ દાદાના આઠમા ધ્વજારોહણની ભવ્ય રીતે ઉજવણી થઈ





તા.૧૮ જાન્યુઆરી સોમવાર દિને કચ્છ પ્રાંતના આદિપુર, અંતરજાળ જૈન સંઘ તથા માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા હા.અ.સૌ.જયાબેન શાંતિલાલ લોડાયા તરફથી શ્રી વિમલનાથ દાદાના આઠમા ધ્વજારોહણ મહોત્સવના પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈ.

પ.પૂ.શ્રી કંચનસાગરજી મ.સા.ની નિશ્રામાં આદિ વિમલ મંડળ બહેનોએ ભાવપૂર્વક સતર ભેદી પૂજા ભણાવેલ.

સકલ સંઘના શ્રાવક શ્રાવિકાઓની ભવ્ય ઉપસ્થિતિથી ધર્મ આરાધનાઓ વિશિષ્ટ રીતે ધન્યતાપૂર્વક થઈ હતી.

---


**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

**અથવા વૉટસએપ પર મોકલો**

**9769991922**

**9820302853**

**9322257731**



# ગુરૂ ભગવંતોના વિહાર હેતુ દોષ



સાધુ-સાધ્વીજી ભગવંતોને વિહાર માટે ઉપયુક્ત ચપલનું નિર્માણ દોષરહિત રૂપથી સેવાભાવથી મુંબઈની પાસે થાણામાં થઈ રહ્યું છે. જૈન સંઘના બધા પંથ-સંપ્રદાયોના સાધુ-સાધ્વીજીને વહોરાવા હેતુથી આ સેવા ઉપલબ્ધ છે.

ચપલ નિર્માણ નંબર ૫ થી ૧૫ સુધી વિવિધ સાઈઝમાં થાય છે. સાધ્વીજી ભગવંતોને નં.૫થી ૧૧ જ્યારે સાધુ ભગવંતોને નં.૯ થી ૧૫ નંબર સુધી યોગ્ય રહે છે. સાધ્વીજી ભગવંતના પગના માપ બરોબર હોય છે પણ સાધુ ભગવંતના પગના માપ નીચે પ્રમાણે હોય છે. પ્રથમ અંક સાધુ ભગવંતના પગના માપના છે તેની બાજુમાં કૌંસમાં દર્શાવેલ અંક નિર્માણ ચપ્પલની સાઈઝના નંબર દર્શાવે છે. સાધુ ભગવંતના પગનો નંબર ૬ (ચપલના નંબર ૯), નં.૭ (નં.૧૦), નં.૮ (નં.૧૧), સાધુ ભગવંતના પગનું માપ નં.૯ (ચપ્પલના સાઈઝ નં.૧૨), નં.૧૦ (સાઈઝ નં.૧૩) નં.૧૧ (નં.૧૪) તથા સાધુ ભગવંતના પગનું માપ નં.૧૨/ચપ્પલની સાઈઝ નં.૧૫). જે કોઈને આ સેવાનો લાભ લેવો હોય તેઓ એ અજિતભાઈ સતરા થાણાને વોટસએપ નં.૯૩૨૧૯૩૬૨૪૭ ઉપર ફોન કરે અથવા નામ અને સરનામું લખાવી મોડલ અને ઓર્ડર નંગ તથા જોઈતા નંબરોની વિગત મોકલે. પ્રત્યેક ચપલનું ન્યોછાવર મૂલ્ય રૂા.૩૦૦ માત્ર છે. સૌ ગુરૂભક્તો અન્યોને આ સંદેશો પહોંચાડે જેથી હાલે ગુરૂ ભગવંતોના વિહાર થઈ રહ્યાં છે ત્યારે એક ઉત્તમ રીતે ભક્તિ થઈ શકે. માટે અવશ્ય આ સેવા ભાવનો સૌ લાભ લે એ વિનંતી.

# વર્તમાન ચૌવીસીના ૨૪ તીર્થંકરોની ૧૧૯ કલ્યાણક ભૂમિની જાત્રા માટેના સેવાર્થી-પરમાર્થી પ્રવીણભાઈ લોડાયા



વર્તમાન ચૌવીસીના ૨૪ તીર્થંકરોની ૧૧૯ કલ્યાણક ભૂમિની જાત્રા માટે જૈન ધર્મના બધા ગચ્છોના ગુરૂ ભગવંતો માટે, જૈન સંઘોના દરેક અગ્રણીઓ માટે, તેમજ મુમુક્ષો માટે લોક લાડીલા બનેલા પ્રવીણભાઈ ટોકરશી લોડાયા, કોઠારા-ડોંબિવલીનું નામ બહુ જ જાણીતું છે.

અંદાજે આઠ વર્ષોમાં એક હજારથી વધુ તપગચ્છ, ખતરગચ્છ, અચલગચ્છ, ત્રિસ્તુતિક સંઘ, એક તિથિ. બે તિથિ, સ્થાનકવાસી આદિ અને કોઈપણ સમુદાયનો ભેદભાવ રાખ્યા વગર સર્વે મુમુક્ષુઓને બહુ જ સરસ રીતે સારામાં સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી અને સમસ્ત મહાજનના સાથે જોડાઈ જૈન સમાજના દાનવી સાથે મળી કોઈપણ ચાર્જ લીધા વગર, જેમને સ્વદ્રવ્ય કરવી હોય તો કોઈ પ્રકારના નફા વગરનો ચાર્જ સ્વીકારે છે.

દર વર્ષે સેંકડો મુમુક્ષુઓને વર્તમાનમાં મૌજુદ ૧૧૯ કલ્યાણક ભૂમિની જાત્રા કરાવા માટે નિમિત બનનાર શ્રી પ્રવીણભાઈ લોડાયાની અઢળક અનુમોદના આ વર્ષે લગભગ ૧૬૭ મુમુક્ષોનો યાત્રા પ્રવાસ ચાલુ છે.



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● એશિયા વેટલેન્ડ બ્યૂરો ક્વાલાલુમ્પુર મલેશિયા દ્વારા દર વર્ષે જાન્યુઆરી મહિના દરમ્યાન જળાશયો પર નિષ્ણાત દ્વારા જળચર પક્ષીઓની વસતીનો અંદાજ મેળવવા માટે વૈજ્ઞાનિક ઢબે આયોજન કરવામાં આવતું રહે છે. ૧૯૮૭થી આ પક્ષીઓની ગણત્રીમાં એશિયાભરના પક્ષી નિરીક્ષકો અને વૈજ્ઞાનિકો જોડાય છે. આ અંતર્ગત વર્ષ ૨૦૨૧ની જળચર વસતી ગણતરીનો પ્રારંભ કચ્છમાં શરૂ કરાયો છે. દર વર્ષે ૩૫ જેટલા જળાશયોની મુલાકાત લઈ પ્રત્યક્ષ ગણત્રી કરવામાં આવે છે. આ વર્ષે સારા વરસાદના કારણે જળાશયો લબાલબ ભર્યા છે. જેમાં પક્ષી વહેંચાઈ જવાના કારણે નોંધણી અતિ અઘરી પણ પર્યાવરણની સેવા માટે અતિ મહત્વની સાબિત થશે એવું સ્થાનિક પક્ષી વિદો એ જણાયું હતું.

● પંજાબી સંસ્કૃત ગીતા ભારતી દ્વારા એક દિવસીય કાર્યશાળાનું આયોજન વેબિનાર દ્વારા થયું જેમાં ૧૫૦ ઓનલાઈન સંસ્કૃત પ્રેમીઓ તથા ૬૦ જણે રૂબરૂ હાજરી આપી હતી. જેમાં કચ્છ ગુજરાતમાંથી સંપૂર્ણ ગીતા કંઠસ્થ છે. તેવા નૂતન ધીરેન્દ્ર મહેતા અને સાધના ઉર્મિલ મહેતાએ પ્રતિનિધિત્વ કર્યું હતું. જમ્મુ કાશ્મીર, હિમાલય પ્રદેશ, દિલ્હી, રાજસ્થાનથી સંસ્કૃત તજજ્ઞો ઓનલાઈન જોડાયા હતા. ગીતાના ૧૨મા અધ્યાયની ચર્ચા થઈ હતી. જીવનની સર્વ સમસ્યાઓનું સમાધાન ગીતા જ છે. આ ઓનલાઈન ગીતા શ્લોક શુધ્ધ ઉચ્ચારણ પ્રતિયોગિતામાં પણ નૂતન મહેતા, સાધના મહેતા પ્રથમ, દ્વિતીય ક્રમે વિજેતા થયા હતા. જેમને સર્ટિફિકેટ તેમજ રોકડ પુરસ્કારથી સન્માન કરાયા હતા.

● અબડાસાની પેટા ચૂંટણીમાં વિજેતા ભાજપના ઉમેદવાર પ્રદ્યુમન સિંહ એમ.જાડેજા યાદગાર વિજય બાદ તાલુકાના રાજ્ય વિસ્તારોમાં સાથી કાર્યકરો સાથે લોક સંપર્ક કર્યો હતો. ત્યારે પ્રજાએ ભરોસો મૂકીને જવલંત વિજય અપાવ્યો છે. તેને સાર્થક કરી અબડાસા વિસ્તારમાં વધુને વધુ વિકાસ લક્ષ્મી કામો ઝડપથી થાય તે નેમ વ્યક્ત કરી હતી. તાલુકાના તેરા, બારા, લાખણિયા, કુવાપધ્ધર, સુજાપુર, ધુફી, નાંગિયા વિગેરે અંતરિયાળ ગામોનો પ્રવાસ કરી અત્રેની સમસ્યાઓ પ્રત્યે જાણકારી મેળવી હતી.

● સુરતમાં કતાર ગામમાં ત્રણ કચ્છી પાટીદારોની સો મિલમાં આગ લાગતાં આગના લાકડાં, પ્લાયવૂડ મશીનરી અને અન્ય ઉપકરણો બળીને ખાખ થતાં કરોડોનું નુકસાન થયું હતું. મૂળ મથલ તા.નખત્રાણાના વતનીઓના બેન્સામાં વહેલી સવારે આગ લાગતાં લાકડાં, પ્લાયવુડ, દ્વિચકી વાહનો, જોઈન્ટ મશીન, રંધામશીન અને સંપૂર્ણ શેડ બળી ગયા હતા. જંગમ મિલ્કતની નુકસાની થઈ પણ જાનહાનિ ન થઈ હતી.

● કચ્છમાં દેશની સાથે સાથે દશેય તાલુકામાં ત્રણ ત્રણ સ્થળે કોરોના રસીકરણની પૂર્વ તૈયારી રૂપે ડ્રાય રનના આયોજન હાથ ધરાઈ ચકાસણી કરાઈ હતી. જેમાં ૩૦૬૦ તબીબ સ્ટાફે જોડાઈને કાર્યવાહી પાર પાડી હતી તે સાથે તેમને તાલીમ પણ અપાઈ હતી.

● ખેડૂતો માટે વીજ ક્રાંતિ લાવનાર ઐતિહાસિક કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત જિલ્લામાં મંત્રી દિલીપકુમાર ઠાકોરની ઉપસ્થિતિમાં મુંદરા તાલુકાના ૩૧ ગામડાઓને હવે દિવસે પણ વીજળી આપવાની શરૂઆત થઈ. જેનાથી ખેડૂતોને રાત્રી દરમ્યિાન જે પણ મુશ્કેલી વેઠવી પડે છે. તેનો આ યોજનાથી અંત આવશે. એટલે આ કિસાન સૂર્યોદય યોજના ખરા અર્થમાં સર્વોદય કરનારી સિધ્ધ થશે. આ યોજના થકી સવારના પાંચથી રાત્રીના નવ વાગ્યા સુધી વીજળી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડના સથવારે મુલુડમાં બ્લડ ડોનેશન મેગા ડ્રાઈવનું આયોજન સંપન્ન થયું





તા.૧૭ જાન્યુઆરી રવિવાર રોજે સવારના ૯ થી ૬ દરમ્યાન શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડના સથવારે શ્રી કચ્છ યુવક સંઘના દ્વારા મુલુંડના શીશુકુંજ, વિજય સોસાયટી હોલ મધ્યે એંકરવાલા રક્તદાન અભિયાન અંતર્ગત ૩૭મી મેગા રક્તદાન શિબિર યોજાઈ. આ આયોજનમાં અચલગચ્છ જૈન સંઘ મુલુંડ સાથે અન્ય જ્ઞાતિ સમાજની સંસ્થાઓ જોડાઈ હતી. શિબિરમાં ૩૫૮ બોટલ બ્લડ ક્લેકશન થયું હતું.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



ચંદનબેન કાંતિલાલ ધુલ્લા
તા.૧૮ જાન્યુ. (ઉ.૮૩)
સુથરી-કાંજુરમાર્ગ



જીતેન્દ્ર માણેકજી મોતા
તા.૧૮ જાન્યુ. (ઉ.૬૭)
કોઠારા-મુંબઈ



રમેશ મણિલાલ નાગડા
તા.૨૦ જાન્યુ. (ઉ.૭૪)
નલિયા-ભરૂચ



રેખાબેન હિરાચંદ લાલકા
તા.૨૧ જાન્યુ. (ઉ.૭૮)
બાંડીયા-માધાપર



હિરાવંતીબેન ખેતશી દંડ
તા.૨૨ જાન્યુ. (ઉ.૮૬)
કોઠારા-મુલુંડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**